ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# બીજા તબક્કાના જંગમાં ૨૪૫ કરોડપતિ ઉમેદવારો છે

## પાંચ ઉમેદવારો પાસે મિલ્કતમાં કંઈ નથી, આ ઉમેદવારોમાં ગાંધીનગર (ઉ)ના મહેન્દ્ર પટ્ટણીનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં બીજા તબક્કાની ૯૩ બેઠકો પર ૫ મી ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે. આ ૯૩ બેઠકો પર નોંધાયેલા ૮૩૩ ઉમેદવારોમાંથી ૨૪૫ ઉમેદવારો કરોડપતિ છે.

૫ કરોડથી વધારે સંપત્તિ ધરાવતા ૯૪ ઉમેદવારો, ૨ થી ૫ કરોડ સુધીની સંપત્તિ ધરાવતા ૭૪ ઉમેદવારો, ૫૦ લાખથી ૨ કરોડ સુધી સંપત્તિ ધરાવતા ૧૫૭ અને ૧૦ લાખથી ૫૦ લાખ સુધીની સંપત્તિ ધરાવતા ૨૭૭ ઉમેદવાર અને ૧૦ લાખથી ઓછી સંપત્તિ ધરાવતા ૨૮૧ ઉમેદવારો છે.

બીજા તબક્કાની ચૂંટણીમાં ભાજપના ૭૫ ઉમેદવારો અને કોંગ્રેસના ૭૭ તેમજ આમ આદમી પાર્ટીના ૩૫ ઉમેદવારો કરોડપતિ છે. ૨૦૧૭ના જંગ કરતાં ૨૦૨૨માં કરોડપતિ ઉમેદવારોની સંખ્યા વધી છે. એડીઆર દ્વારા જારી કરાયેલ રિપોર્ટમાં આ વિગતો આપવામાં આવી છે.

બીજા તબક્કાની ચૂંટણી લડતા ઉમેદવારોની સરેરાશ મિલ્કત ૪.૨૫ કરોડ છે. ૨૦૧૭માં ૨.૩૯ કરોડ મિલ્કત હતી. બીજેપીના ઉમેદવારોની સરેરાશ મિલ્કત ૧૯.૫૮ કરોડ, કોંગ્રેસના ઉમેદવારોની સરેરાશ મિલ્કત ૭.૬૧ કરોડ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોની સરેરાશ મિલ્કત ૫.૨૮ કરોડ છે.

સૌથી વધુ મિલ્કત ધરાવતા ઉમેદવારોમાં માણસા બેઠક પરના ભાજપના જયંત પટેલ પાસે રૂ. ૬૬૧ કરોડ, સિદ્ધપુર બેઠક પર ભાજપના બળવંતસિંહ રાજપૂત પાસે ૩૭૨ કરોડ અને આમ આદમી પાર્ટીના ડભોઈ બેઠકના ઉમેદવાર અજીતસિંહ ઠાકોર પાસે ૩૪૩ કરોડની મિલ્કત છે.

પાંચ ઉમેદવારો એવા છે જેમની પાસે મિલ્કતમાં કંઈ જ નથી. ગાંધીનગર (ઉ) બેઠકના અપક્ષ ઉમેદવાર મહેન્દ્ર પટ્ટણી, સરદાર વલ્લભ પટેલ પાર્ટીના નરોડા બેઠકના સત્ય પટેલ,

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણીની ફરજમાં રોકાયેલા ૧૦૦થી વધુ કર્મચારીઓ તાલિમમાં ગેરહાજર

## નોટીસ બાદ પણ હાજર નહિ થાય તો વોરંટ બજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી વિષયક કામગીરીમાં રોકાયેલા ૧૦૦ થી વધુ કર્મચારીઓ આ શનિ-રવિ દરમ્યાન યોજાયેલ તાલિમમાં હાજર ન રહેતાં તંત્ર દ્વારા નોટીસ અપાશે. આ નોટીસ પછી પણ હાજર નહિ થાય તો વોરંટ બજવણીના આકરા પગલાં લેવામાં આવશે.

શનિ-રવિની રજા દરમ્યાન યોજાયેલ તાલિમમાં કર્મચારી-અધિકારીઓની ગેરહાજરી એ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે. નવા કર્મચારીઓ વધુ હોવાથી તાલિમ એ ખુબ જ મહત્વની હોવાથી તંત્રએ હવે આક્રમક વલણ અપનાવવા માટેનું મન બનાવી લીધુ છે. શનિ-રવિ દરમ્યાન લગ્ન સમારોહ પણ વધુ હતા. એક-બે કર્મચારી સંગઠ્ઠનોએ તાલિમમાં ફેરફાર કરવા માટે પણ રજુઆત કરી હતી પરંતુ તાલિમનો કાર્યક્રમ અગાઉથી નિયત થયો હતો એટલુ જ નહિ ચૂંટણીની કામગીરી નિયત સમય-મર્યાદામાં જ સંપન્ન કરવાની હોય છે એટલે તંત્ર દ્વારા કોઈ રજુઆતોને સાંભળવામાં આવી ન હતી. હવે ગેરહાજર રહેનાર કર્મચારીઓને નોટીસ આપવામાં આવશે.

જિલ્લામાં મતદાનની આડે હવે એક સપ્તાહ જેટલો જ સમય બચ્યો હોવાથી આજે રિસીવીંગ અને ડિસ્પેચીંગની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓને તાલિમ આપવાનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર (ઉ)માં ૨૫, કલોલમાં ૧૨, ગાંધીનગર (દ)માં ૩૦ અને દહેગામમાં ૩૫ જેટલા કર્મચારીઓ ગેરહાજર રહ્યા હતા.

જિલ્લામાં તંત્ર દ્વારા હવે ચૂંટણીની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે. જિલ્લામાં આ તૈયારીઓ પણ અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.




નારાજગી પરિવર્તનમાં પરીણમી.. રાજ્ય સરકારના એક જમાનાના હોનહાર મંત્રી ગુજરાતના અર્થકારણમાં જેમનો અભિપ્રાય ખુબજ મહત્વનો હોય એવા પૂર્વ કેબિનેટ મંત્રી જયનારાયણ વ્યાસ આજે ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાતાં રાજકીય હલચલ મચી હતી. જો કે ઉત્તર ગુજરાતના પાટણ, સિધ્ધપુર વિસ્તારમાં કેટલી અને કેવી અસર સર્જાશે તેના ઉપર ગાંધીનગરમાં સોમવારે દિવસભર ચર્ચાઓ ચાલી હતી.

# ગાંધીનગરમાં હજુ રાજકીય માહોલ જામતો નથી

## પાટનગર ગાંધીનગરની સત્તા મેળવવાના ચૂંટણી જંગમાં સ્થાનિક વસાહતીઓમાં ઉત્સાહનો અભાવ : કોઈ મોટી જાહેરસભાઓ વિના ઉમેદવારોનો માત્ર શાંત પ્રચાર

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભા જ્યાં બેસે તે ગાંધીનગરમાં જ રાજકીય માહોલ જામતો નથી. રાજકીય ગતિવિધિઓના એપી સેન્ટર ગાંધીનગરમાં મતદારો નિરૂત્સાહ છે તો ઉમેદવારો મોટી જાહેર સભાઓની ચમકદમક વિના શાંત પ્રચાર કરી રહ્યા છે. એવુ કહી શકાય કે શિક્ષિત મતદારોને પોતાની તરફેણમાં કરવા માટેના પ્રયાસો અહીં ટૂંકા પડી રહ્યા છે.

સમગ્ર ગુજરાતમાં ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો છે. છેક ગ્રામ્ય વિસ્તારો સુધી ચૂંટણી જંગની રંગત જામી છે. ત્રિપાંખિયા જંગમાં ઉમેદવારો પ્રચાર અભિયાનને જોરશોરથી ચલાવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના ઉમેદનવારોના પ્રચારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખુદ ઝુકાવ્યુ છે. તેઓ અલગ અલગ મતવિસ્તારોમાં મેરેથોન પ્રચાર કરી રહ્યા છે. મોદીની જંગી જાહેર સભાઓથી જાણે સમગ્ર ગુજરાત ગાજી રહ્યુ છે પરંતુ આ બધાથી વિપરીત ગાંધીનગર શહેરમાં રાજકીય ગરમાવો સાવ ઓછો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરની ગાદી કબજે કરવાના જંગમાં શહેરને જાણે બાકાત રાખી દેવામાં આવ્યુ હોય તેમ રાજકીય માહોલ જામતો જ નથી. રાજકીય પક્ષો પણ અહીં કોઈ ખાસ મહેનત કરતા હોય તેવુ જોવા મળતી નથી. ગાંધીનગરમાં હજુ સુધી એકાદ-બે ને બાદ કરતાં કોઈ મોટી જાહેરસભા થઈ નથી. પ્રચાર રેલીઓમાં પણ ભીડ ઓછી જોવા મળે છે. ગાંધીનગર ભલે રાજકીય ગતિવિધિઓનુ કેન્દ્ર રહ્યુ હોય પરંતુ અહીંના મતદારો હંમેશા સૌથી અલગ મિજાજ ધરાવતા રહ્યા છે. શહેરમાં મોટા ભાગે શિક્ષિત અને સરકારી કર્મચારીઓનો વર્ગ રહે છે.

સરકારી કર્મચારીઓ સીધી રીતે કોઈ રાજકીય ગતિવિધિમાં જોડાતા નથી. આથી જ અહીં યોજાતા રાજકીય કાર્યક્રમોમાં ભીડ ઓછી જોવા મળે છે. વળી શિક્ષિત મતદારોને ભોળવવા આસાન ન હોવાથી રાજકીય પાર્ટીઓ પણ અહીં આક્રમક પ્રચારથી દૂર રહી છે. ઉમેદવારો પોત પોતાની રીતે સ્ટ્રેટેજી બનાવીને પ્રચાર કરી રહ્યા છે. ત્યારે ભારતીય જનતા પક્ષે બે જાહેરસભાઓ માટે અગાઉ વિચાર્યાનું જાણવા મળે છે પરંતુ ઠંડીના મોજાને કારણે સાંજના સમયે જાહેરસભા નબળી થાય તેના કરતાં નહીં યોજવાનું વલણ અપનાવાયું છે.

# આજે બીજા તબક્કાના ચૂંટણી હિસાબોની ચકાસણી કરાશે

## ૧૩ ઉમેદવારોએ પ્રથમ તબક્કામાં હિસાબો રજુ ન કરતાં નોટીસ અપાઈ હતી

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકના ઉમેદવારો દ્વારા આજે બીજા તબક્કાના હિસાબો રજુ કરશે. તંત્રએ આ માટેની તૈયારીઓ પુરી કરી લીધી છે.

ચૂંટણીના મતદાન પૂર્વે ઉમેદવારોએ ત્રણ તબક્કામાં તેમના હિસાબો રજુ કરવાના હોય છે. પ્રથમ તબક્કામાં ૧૩ ઉમેદવારોએ હિસાબ રજુ કર્યા ન હોવાથી તંત્રએ તેમને નોટીસો આપી હતી.

પ્રથમ તબક્કામાં ઉમેદવારોએ ૫ થી ૧૦ લાખ સુધીનો ખર્ચ કર્યો હોવાનું હિસાબોમાં જણાવ્યુ હતુ. વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોને રૂ. ૪૦ લાખ સુધીનો ખર્ચ કરવાની મર્યાદા છે. ઉમેદવારો દ્વારા આજે બીજા તબક્કાનો હિસાબ રજુ થશે.

જોકે ઉમેદવારો દ્વારા જાહેર પ્રચાર વધુ થઈ રહ્યો છે તેમજ નાસ્તાના ખર્ચનું પ્રમાણ પણ વધુ હોવાનું જાણવા મળેલ છે.

સવારે ૧૦ વાગ્યાથી ખર્ચ નિરીક્ષકોની હાજરીમાં ખર્ચના હિસાબોની ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવશે. ઓબ્ઝર્વરો દ્વારા આ હિસાબોની ચકાસણી થશે એટલુ જ નહિ શેડો રજીસ્ટર પ્રમાણે ખર્ચ નહિ દર્શાવ્યો હોય તો ઉમેદવારો દ્વારા તે પૂર્તતા કરી આપવાની રહેશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત અને કલેક્ટર કચેરી ખાતે આ ખર્ચના હિસાબોની ચકાસણી હાથ ધરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં ૧૨ અપક્ષોએ તેમના હિસાબો રજુ કર્યા ન હતા.

# કલોલ બેઠક પર ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે : બળદેવજી ઠાકોર

## કોંગ્રેસના આગેવાનો, કાર્યકરોને બોલાવી ધમકાવાઈ રહયા છે

ગાંધીનગર, તા. ૨૮

કલોલ વિધાનસભા બેઠક પર ભયનું વાતાવરણ પ્રવર્તી રહેલ છે અને ત્યાં નિષ્પક્ષ, ભયમુક્ત અને નિર્ભયતાથી મતદાર મતદાન કરી શકે તેવી માંગ કોંગ્રેસના ઉમેદવાર બળદેવજી ઠાકોર તથા વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે. ચાવડાએ કરી છે.

આજે આ અંગે તેઓ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી.સી. ભારથીને રૂબરૂ મળ્યા હતા. મુલાકાત બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં આ આગેવાનોએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસના આગેવાનો, કાર્યકરોને બોલાવી ધમકાવવામાં આવી રહ્યા છે તેમજ તેમને કલોલ છોડી દેવા અથવા નિષ્ક્રિય થવા કહેવામાં આવી રહ્યુ છે. તાલુકામાં પોલીસતંત્ર દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીથી લોકોમાં ભય ઉભો થયો છે. તેમણે જણાવ્યુ હતુ કે એક વાયરલ થયેલા વિડીયોને લઈ પંચાયત વિપક્ષના નેતાઓ લખેલ કોમેન્ટને લઈ તેમની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હજજારો લોકોએ લખેલી કોમેન્ટમાં પણ એક જ વ્યક્તીને ટાર્ગેટ કરી કેસ દાખલ કરવાની વૃત્તિ દુઃખદ છે. બળદેવજી ઠાકોરે કહ્યુ હતુ કે આ અંગે પંચ દ્વારા પગલાં નહિ લેવાય તો ચૂંટણી પ્રચાર અટકાવી અને પ્રાંત કચેરીએ ગાંધી ચિંધ્યા માર્ગે આમરણાંત ઉપવાસ પર ઉતરશે. આ અંગેની તારીખ અને સમય તે નક્કી કરશે. જો કે આગેવાનોએ જણાવ્યુ હતુ કે અમને યોગ્ય તપાસની ખાત્રી આપવામાં આવી છે.






ગાંધીનગર ઉત્તરના ભાજપના ઉમેદવાર રીટાબેન કેતનભાઈ પટેલે આજે જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં જનસંપર્ક કર્યો હતો. કોલવડા, પીંપળજ અને પીંડારડાના ગામોમાં ઘરે ઘરે પ્રચાર માટે પહોંચીને સૌ મતદારોને મત આપવા વિનંતી કરી હતી. ગાંધીનગર ઉત્તરના ગ્રામીણ વિસ્તારમાં ગામેગામ ભાજપના ઉમેદવારે પ્રચાર કરી પક્ષનો સંદેશ પહોંચાડ્યો છે.

# પાટનગરમાં માઈક્રોશોપિંગની દુકાનો ઉપયોગના અભાવે ખંડેર

## સ્થળ ચકાસણીના અંતે રિપોર્ટ તૈયાર કરાયો પણ સ્થિતિ યથાવત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના શ્રમિકોને રોજગારી પુરી પાડવા માટે સેક્ટરોમાં મીક્રોશોપિંગની દુકાનો બાંધવામાં આવી હતી પરંતુ હાલમાં પણ આ દુકાનો પૈકી કેટલીક કબજા વગરની અને કંગાળ હાલતમાં છે શહેર વિસ્તારમાં વિવિધ સેક્ટરમાં બાંધેલી માઈક્રો શોપિંગની ૧૭૨ નાની દુકાનો લાંબા સમયથી ફાળવાયા વગરની પડી રહેવાથી જર્જરિત હાલતમાં આવી ગઈ છે. આ મામલે અનેકવાર રજુઆત કરવામાં આવી છે પરંતુ કોઈ આયોજન થયું નથી

શહેરના સેક્ટરોમાં નિર્માણ કરાયેલી ૩૫૫ દુકાનોની ફાળવણી બાદ લાભાર્થીઓએ કબ્જો લીધો છે જો કે ૧૭૨ દુકાનો હજુ પણ કબજા વિહોણી છે. અગાઉ આ મામલે કકળાટ ઉઠતા તંત્ર હરકતમાં આવ્યું હતું જયારે સ્થળ ચકાસણી કરવાની સાથે લાભાર્થીની સ્થિતિ સહિતનો રિપોર્ટ માગવામાં આવ્યો હતો. પરંતુ વિભાગે તેવી તસદિ નહીં લેતા બાકી રહેલી દુકાનોની ફાળવણી રદ કરીને આ દુકાનો અન્ય લાભાર્થીઓને ફાળવવા માટે ડ્રો કરવા સહિતની પ્રક્રિયા થઈ શકતી નથી. પાટનગર યોજના વિભાગ પાસે આવી માહિતી જિલ્લા તંત્ર દ્વારા માગવામાં આવી તેને બે વર્ષ પસાર થઈ જવા આવ્યા છે. બીજી બાજુ લાંબા સમયથી પડતર રહેવાના કારણે બિનઉપયોગી બની છે કંગાળ બનતી દુકાનો ફાળવવા માટે પણ યોગ્ય આયોજન થાય તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેર વિસ્તારમાં નાના શ્રમજીવીઓને રોજગારી પુરી પાડવા માટે ૫૨૭ જેટલી નાની દુકાનો વિવિધ સેક્ટરમાં બાંધવામાં આવી છે અને પાંચ-સાત કે વધુ સંખ્યામાં વિવિધ સ્થળે બાંધવામાં આવેલી આ દુકોનાના સમૂહને માઈક્રો શોપિંગ તરીકે ઓળખ આપવામાં આવી છે. આ દુકાનોની માલિકી અને જાળવણીની જવાબદારી પાટનગર યોજનાની છે પરંતુ ફાળવણીનો મુદ્દો હજુ અદ્ધરતાલ છે

# ગાંધીનગરમાં ઠંડીનો મિજાજ આકરો લઘુત્તમ તાપમાન ૧૧.૩ ડીગ્રીએ

## દિવસનુ તાપમાન વધતા નગરજનોએ બપોરે તાપ આકરો તાપ અનુભવ્યો : ઠંડી ગરમીના પારાની રોજબરોજ ચઢ ઉતર : ચુંટણીના ચકરાવો વચ્ચે નિખરતી લગ્નસરાની મોસમ પણ ઠંડીની અસરથી પ્રભાવિત

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં શિયાળાની મોસમ ધીમે ધીમે જમાવટ કરી રહી છે. ગઈકાલે સિઝનની રેકર્ડબ્રેક ઠંડી નોંધાઈ હતી. ઠંડીનો પારો ૧૦.૯ ડીગ્રી પહોંચી ગયો હતો. જયારે આજે પણ ઠંડીનુ જોર યથાવત રહ્યુ હતુ. જો કે દિવસનુ તાપમાન ૧.૫ ડીગ્રી ઉંચકાતા દિવસનો તાપ આકરો બન્યો હતો. પરંતુ સાંજ ઢળતા જ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. ઠંડીની મોસમ આકરી બનતા શહેરમાં હાલ ચુંટણી પ્રચાર વચ્ચે નિખરતી લગ્નસરાની મોસમ પણ પ્રભાવિત છે. હજુ આગામી દિવસોમાં ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં આવી જશે.

ગાંધીનગરમાં શિયાળાની મોસમ ધીમે ધીમે જમાવટ કરી રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં ઠંડનો પારો ૨ થી ૩ ડીગ્રી ઉંચકાયો છે. ગઈકાલે સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી લઘુત્તમ તાપમાન ૧૦.૯ પહોંચી ગયુ હતુ. જયારે આજે પણ ઠંડીનુ જોર યથાવત રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીમા નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. આજે લઘુત્તમ તાપમાન ૧૧.૩ ડીગ્રી રહ્યુ હતુ. જયારે મહત્તમ તાપમાન ૩૧.૫ ડીગ્રી નોંધાયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં દિવસનુ તાપમાન ઉંચકાયુ હતુ. ગરમીનો પારો ૧.૫ ડીગ્રી ઉંચકાયો હતો જેના લીધે બપોરના સમયે નગરજનોએ આકરો તાપ અનુભવ્યો હતો જયારે રાત્રિના સમયે ઠંડીના ચમકારા વચ્ચે બેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં ઠંડીનો પારો ૩ ડીગ્રી ઉંચકાયો છે. બે દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૩.૩ ડીગ્રી રહ્યુ હતુ જયારે ગઈકાલે અચાનક જ ઠંડી વધી હતી. ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા લઘુત્તમ તાપમાન ૧૦.૩ ડીગ્રી નોંધાયુ હતુ જયારે આજે પણ નજીવા ઘટાડા સાથે ઠંડીની અસર વધુ રહી હતી. લઘુત્તમ તાપમાન ૧૧.૩ ડીગ્રી નોંધાયુ હતુ. બીજીતરફ દિવસન તાપમાન વધતા નગરજનોએ બપોરના સમયે ગરમી અનુભવી હતી. ગરમીનો પારો પણ ૩૦ ડીગ્રી થી ઉપર રહ્યો હતો. મહત્તમ તાપમાન ૩૧.૫ રહ્યુ હતુ. શહેરમાં એકબાજુ ચુંટણીના લીધે રાજકીય ગરમાવાનો માહોલ જોવા મળે છે. લગ્નસરાની મોસમ પણ નિખરી છે. ત્યારે ઠંડીનુ પણ જોર વધ્યુ છે. આ સ્થિતિ વચ્ચે લગ્ન મહોત્સવના આયોજકો માટે પણ વધતી ઠંડી ચિંતાનો વિષય બની છે. શહેરમાં ઠંડીનો પારો હવે સિંગ્લ ડીઝીટ તરફ આગળ વધી રહ્યો છે. આમ પણ નવેમ્બર મહીનાના અંતે ડીસેમ્બરમાં ઠંડી વધુ કાતિલ બનશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. ઠંડીનુ જોર વધતા શહેરમાં ઢળતી સાંજ બાદ સેકટરોની શેરીઓમાં પણ સન્નાટો છવાયેલો જોવા મળે છે. શહેરનુ જનજીવન પણ ઠંડીની અસરથી પ્રભાવિત છે. વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ ઠંડીના ચમકારાથી ધ્રુજી રહ્યા છે. હજુ આગામી દિવસોમાં ઠંડીનુ પ્રમાણ વધશે ત્યારે ઠંડીના દિવસોમાં શાળાઓના સમયમાં જરૂરી બદલાવ કરવા માટે શિક્ષણતંત્ર દ્વારા પણ સમયસર નિર્ણય લેવાય તેવી લાગણી પણ વાલીઓમાં પ્રબળ બની છે. ઠંડી વધવાની સાથે વહેલી સવારે તાજગીસભર વાતાવરણમાં મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ વધી છે. આકરી બનતી ઠંડીના લીધે વડીલ વૃધ્ધો વિશેષ પ્રભાવિત છે. ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા નગરજનો રાત્રિના સમયે કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળી રહ્યા છે.

### સુરતના વિવાન શાહે કોમનવેલ્થ યુથ ચેસ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીત્યો

સુરત, તા.૨૮

સુરતના વિવાન શાહે તાજેતરમાં શ્રીલંકાની હોટેલ સિટ્રસ, વાસ્કાડુવા ખાતે આયોજિત કોમનવેલ્થ યુથ ચેસ ચેમ્પિયનશીપ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. અંડર-૧૦ ઓપન કેટેગરીમાં જોરદાર પ્રદર્શન કરીને, સુરતનો વિવાન શાહ અપરાજિત રહ્યો હતો અને તેણે ૯ માંથી ૯ પોઈન્ટ હાંસલ કર્યા હતા જેના કારણે તે બોર્ડમાં ટોચ પર હતો અને ગોલ્ડ મેડલનો હકદાર બન્યો હતો. અંડર-૧૪ ગર્લ્સ કેટેગરીમાં ફલક જોની નાઈક દ્વારા સિલ્વર મેડલ અને અંડર-૧૦ ગર્લ્સ કેટેગરીમાં હાન્યા શાહે બ્રોન્ઝ મેડલ જીતીને અન્ય નોંધપાત્ર પ્રદર્શન કર્યુ.આ તમામ ખેલાડીઓને પીએમઓ, કોલંબોમાં શ્રીલંકાના માનનીય વડાપ્રધાન દિનેશ ગુણવર્દના દ્વારા એવોર્ડ પ્રાપ્ત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com